# જ્ઞાનસંહિતાની અગિયાર ઋચાઓ

ડો. નિષાદ ઓઝા
સિનિયર લેકચરર,
ડાયટ,ઈડર

## ૧. પ્રસ્તાવના

શિક્ષણમાં પરિવર્તનનું ઘોડાપૂર પૂરજોશમાં ધસમસી રહયું છે. શિક્ષણવિદો પોતાનો તમામ અનુભવ કામે લગાડીને શિક્ષણને એક અર્થપૂર્ણ સંકલ્પના તરીકે રજૂ કરવાના અથાગ પ્રયાસો કરી રહયા છે. આવા સંજોગોમાં કેળવણીકારો, તજજ્ઞો અને શિક્ષણવિદો એમનું વિચારદોહન સતત ઠાલવે જ જાય એ પર્યાપ્ત નથી. આ દોહનને ઝીલનાર શિક્ષણદાતાઓ પરિપકવપૂર્ણ માનસ સાથે તૈયાર રહે એ પણ એટલું જ જરૂરી છે. કેમકે બાળકોને મન શિક્ષણદાતા (શિક્ષક)એ સાક્ષાત જ્ઞાનપૂંજ છે. બાળકના વ્યકિતત્વની સંહિતા શિક્ષક થકી જ પરમ પ્રતિભાને વરે છે. શિક્ષકત્વના અદ્વૈતને ઉજાગર કરવા માટે શિક્ષક સ્વયં સભાનતાનું શરણ લે તે અનિવાર્ય છે. મનની અભાન અવસ્થામાં શિક્ષકત્વનું બ્રહ્મત્વ ખતમ થઈ જાય છે. આની સામે ટકવા માટે અહીં શિક્ષકત્વની જ્ઞાનસંહિતાનું અગિયાર ઋચાઓ રૂપે વિચારદોહન મૂકવાનો પ્રયાસ યથાર્થ નીવડે તો લખેલું કૃતાર્થ.

## ૧. જ્ઞાનપીપાસા

જીજ્ઞાસાનો આરાધ્યદેવ એટલે બાળક. જીજ્ઞાસા તૃપ્તિનો મુખ્ય સ્ત્રોત એટલે શિક્ષક. આની યર્થાથતા માટે પણ શિક્ષક જ્ઞાનપીપાસુ હોય તે ખૂબ જ જરૂરી છે. શિક્ષકની જ્ઞાનપીપાસા બાળકની જાગૃતિને, જુગુપ્સાને પોષનારી મૂળભૂત વૃત્તિ છે. આનાથી વિમુખ થવું તે બાળકનો અનાદર કહેવાય. શાસ્ત્રો બાળકને ઈશ્વરનું રૂપ લેખે છે. તેથી આ અનાદર શિક્ષક કે શિક્ષણને પોષાય નહિ.

## ૨. જ્ઞાનદૈવત

શાસ્ત્રોકત વિધાનો અનુસાર શિક્ષકને દૈવસ્થાન પ્રાપ્ત છે. વર્ગખંડમાં કે શાળામાં તેના જ્ઞાનનું દૈવત દેખાય તે જરૂરી છે. પુસ્તકનો પુજારી, પુસ્તક વિના પંગુતાની અનુભૂતિ કરતો જ્ઞાનદાતા જ્ઞાનદૈવતથી સેંકડો યોજન દૂર રહી જાય છે. અને આ સ્થિતિમાં બાળકના દેવ જેવા ચહેરા મૂરઝાયા કરે છે. પોતાના જ બગીચાનું ફૂલ પોતાની સગી આંખો સામે કરમાતું રહે તે સાચુકલા માળીને કેમ પોષાય? માળી એ બગીચાનો દેવ છે.

## ૩.જ્ઞાનવૈભવ

શિક્ષક એટલે પોતાના જ્ઞાનનો ભૌતિક વૈભવ કરનાર નહિ પણ પોતાના જ્ઞાનના આત્મિક સ્વરૂપને પામીને નિર્મળ આત્માના માલિક એવા બાળકોને હકારાત્મક રૂપે પ્રભાવિત કરનાર જ્ઞાન સંવાહક. જ્ઞાન અને બુદ્ધિના સુભગ સાયુજય થકી બાળકમાં એવા જ્ઞાનનું સંચરણ થાય કે દેખિતો ભૌતિક વૈભવ એને તુચ્છ લાગે અને તે શિક્ષકના સરળ જ્ઞાન વૈભવનો પરમ ભાવક બની જાય.

## ૪.જ્ઞાનસરિતા

વર્ગખંડમાં સ્વર્ગખંડની અનુભૂતિનો સંચાર કરાવવો હોય તો જ્ઞાનરૂપી સરિતાનું નીર ખળખળ કરતું નિર્વિઘ્ને વહ્યા કરે તે જરૂરી છે. તેના અસ્ખલિત પ્રવાહનું જળ નિર્મળતાનું પોષક બની રહે છે. બાળક એમાં ડુબકી લગાવી રોજ રોજ નિર્મળ જ્ઞાનનું પાન કરતો રહે છે.

### ૫.જ્ઞાન નિર્ભયતા

નિર્ભિક આંખો સાથે વર્ગખંડમાં પ્રવેશેલ શિક્ષક બાળકના મનને ઠંડક આપે છે. નીત નવીન જ્ઞાનના સંચારની અપેક્ષાની પૂર્તિની એક ઉજળી આશા એને શિક્ષકમાં દેખાય છે. જો હંમેશા આ અપેક્ષાપૂર્તિ યોગ્ય રીતે થતી રહે તો બાળકના અનેક કાલ્પનિક ભય નિર્ભય રીતે નિષ્ઠાપૂર્વક પીરસાયેલા જ્ઞાનના પ્રવાહમાં કિનારે ફંગોળાઈ જાય છે. અને બાળક ઉત્સાહની અનુભૂતિ કરે છે. વર્ગખંડમાં દયામણો, નિસ્તેજ ચહેરો લઈને પ્રવેશવું એ ભયનું પ્રતીક છે. આવા ભયનો ઓથાર એટલે નિર્માલ્ય પેઢીના સર્જન માટેની મોકળાશ. એકવીસમી સદીના ભાવી સંવાહકો માટે આ કેટલું વાજબી?

### ૬.જ્ઞાન મર્મજ્ઞતા

જ્ઞાનમર્મજ્ઞ શિક્ષક શિક્ષણની પ્રક્રિયાને સંવાદિત સ્વરૂપ આપી શકે છે. અને શિક્ષક પાસેથી સંવાદિ સ્વરૂપે જ્ઞાનની પ્રાપ્તિ કરવી એ બાળકનો પાયાનો અધિકાર છે. શિક્ષણની પ્રક્રિયા વિસંવાદિતાઓથી ખોડંગાય તો શિક્ષણને, શિક્ષકને, વિદ્યાર્થીને, સમાજને અને એ થકી રાષ્ટ્રને હાનિ. શિક્ષણની પ્રક્રિયાનું બેજોડ સ્વરૂપ શિક્ષકની જ્ઞાન મર્મજ્ઞતા પર અવલંબે છે.

### ૭.જ્ઞાન મીમાંસા

પોતે જોઈને કે સાંભળીને કે વાંચીને મેળવેલ જ્ઞાન શિક્ષણકાર્ય દરમ્યાન કોઈપણ જાતના માનસિક અહમના ટકરાવ વિના યોગ્ય રીતે અભિવ્યકિત પામે તે સાર્થક શિક્ષણની પૂર્વ શરત છે. માટે કોઈ પણ રીતે મેળવેલ જ્ઞાનની યોગ્ય મીમાંસા આંતર મનોમંથન દ્વારા, પોતાની થકી જ અને સમયાંતરે જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓ સમક્ષ પીરસાય તેની તકેદારી રખાય તે અનિવાર્ય છે. મેળવેલા જ્ઞાનનું હકારાત્મક મીમાંસાત્મક સ્વરૂપ શિક્ષણકાર્ય દરમ્યાન યોગ્ય રીતે પ્રગટ થાય તે પણ એટલું જ આવશ્યક છે.

### ૮.જ્ઞાન દાયિત્વ

પ્રાપ્ત કરેલ પ્રબુદ્ધ જ્ઞાનનું દાસત્વ સ્વીકારી એમાં જ રાચવાનું કામ એ શિક્ષણને જોખમમાં મૂકવાની પહેલી શરત છે. શિક્ષણનું જોખમ એટલે બાળકના ભવિષ્ય સામે આંધી. જ્ઞાનનો ભાર માનસ પર છવાય અને શિક્ષક એના દાસત્વ નીચે દબાઈ જાય તો શિક્ષણ થતું હોવાનો ભ્રમ માત્ર પેદા થાય છે. શિક્ષણને વાસ્તવ સાથે સંબધ છે, ભ્રમ સાથે નહિ. શિક્ષણનું દાયત્વિ યોગ્ય હાથોમાં જાય તેની સભાનતા કેળવવી એ શિક્ષણની મોટી સેવા છે.

### ૯.જ્ઞાન વૈવિધ્ય

એક ક્ષેત્ર કે એક વિષયના જ્ઞાનનો બીજા ક્ષેત્ર કે વિષય સાથે અનુબંધ ત્યારે જ સાધી શકાય કે જ્યારે જ્ઞાન વૈવિધ્ય હોવાનો શિક્ષકનો ખ્યાલ સરળતાની પરાકાષ્ઠાએ હોય. વર્ગખંડમાં સંપૂર્ણ સ્વસ્થતા પૂર્વક અને નિર્ભેળપણે જ્ઞાનના બહુમુખીપણાનો સાહજિક વિનિયોગ થાય તો શિક્ષણકાર્ય સાળે કળાએ ખીલી ઊઠે અને બાળકો રૂપી મોરલા ગહેકી ઊઠે. જો આમ ન થાય તો જ્ઞાન વૈવિધ્ય અકાળે 'જ્ઞાન વૈધવ્ય' માં પરિણમે. આ વૈધવ્ય સ્ત્રીના વૈધવ્ય કરતાં પણ વધુ ખતરનાક.

### ૧૦.જ્ઞાનધૈર્ય

શિક્ષકના અંતરમાં હિલોળા લેતો જ્ઞાન સાગર બાળકોની કક્ષાને ધ્યાનમાં રાખીને ધૈર્યથી ન ઠલવાય તો વિદ્યાર્થીઓનું જ્ઞાનપ્રવાહમાં તણાઈ જવાનું જોખમ બેવડાય છે. બાળકોને જ્ઞાનનો સંતાપ ન અનુભવાય એ રીતે ધીરજપૂર્વક, આવેગ રહિત જ્ઞાન વિતરણ થાય તો તે બાળકો માટે ધન્યતાની ઘડી અને જો માનો તો શિક્ષકનું પરમ સુખ.

**૧૧.જ્ઞાન સાફલ્ય**

શિક્ષકના મસ્તિષ્કમાં રહેલું જ્ઞાન તેના ચિંતન પ્રદેશનો સ્પર્શ પામીને બાળકની ચૈતન્યસભર આંખો અને શ્રવણેન્દ્રિયોમાંથી એના હૃદયને સ્ર્પશે અને એના થકી એનું આંતરિક અને બાહ્ય વ્યકિતત્વ મહોરી ઊઠે એ જ સાચું શિક્ષકનું જ્ઞાન સાફલ્ય. આ સાફલ્યને પામી જનારા મૂર્ધન્ય ગુરુઓને આપણે વશિષ્ઠ, વિશ્વામિત્ર, ચાણકય, ગિજુભાઈ બધેકા, ડો.રાધાકૃષ્ણન વગેરે જેવા નામોથી ઓળખીએ છીએ. જ્ઞાન પ્રાપ્તિ કરતાં જ્ઞાનનું સાફલ્ય બાળક માટે વધુ હિતકારી છે. આવા હિતમાં જ શિક્ષણનું સાફલ્ય સમાયેલું છે.

## ૨. ઉપસંહાર

એકવીસમી સદી જ્ઞાન પ્રચૂરતાની સદી છે. જ્ઞાનના અસ્તિત્વનો વ્યાપ વિશ્વ મટી ધીમે ધીમે ગામડાના સ્વરૂપમાં પરિવર્તિત થઈ રહયો છે. એવા સંજોગોમાં શિક્ષણનો જે મૂળભૂત સ્ત્રોત (શિક્ષક) છે તે જ્ઞાનસંહિતાનો પરમ ચિંતક બની પોતાને ધ્રુવ સમાન રાખી શકે છે. જ્ઞાન ઉપલબ્ધિના કેફમાં જ્ઞાન સંહિતાનું દૈવત નંદવાય નહિ તે જોવું અનિવાર્ય છે. અન્યથા સદીને અંતે આપણે કલ્પેલી શિક્ષણની ક્ષિતિજોના સફળતા પૂર્વકના વિસ્તારની સંકલ્પના ભ્રમ માત્ર બની રહેશે અને આગળ લખ્યું છે તેમ શિક્ષણણમાં ભ્રમનું કોઈ સ્થાન નથી. ગુરુ પરંપરાના આ આધ્યાત્મિક દેશમાં જ્ઞાન આપવા માટેના આત્મજ્ઞાન માટે જ્ઞાનસંહિતાનું મનોમન સ્મરણ કરવું. એમાં શિક્ષણ સાથે સંકળાયેલ સૌ કોઈનું કલ્યાણ નિહિત છે.